કે.ડી. NEWS
તારીખ : 17/09/2026




# હાડીડામાં પિતા-પુત્રીના મોતથી ચકચાર






સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામમાં પિતા-પુત્રીના મોતની ઘટનાથી ચકચાર મચી છે. પ્રાથમિક માહિતી મુજબ પિતાનું મોત ગળેફાંસો ખાધેલી હાલતમાં થયું હોવાનું સામે આવ્યું છે, જ્યારે પુત્રીના મોતને લઈને પણ ગંભીર શંકાઓ વ્યક્ત થઈ રહી છે.ઘટનાની જાણ થતાં સાવરકુંડલા રૂરલ પોલીસનો સ્ટાફ તેમજ મામલતદાર સહિતના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે બંનેના મૃતદેહ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે.પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને પિતા-પુત્રીના મોત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.ઘટનાને લઈને હાલ અલગ-અલગ ચર્ચાઓ અને અટકળો ચાલી રહી છે. જોકે, પોલીસ તપાસ પૂર્ણ થાય અને તમામ હકીકતો સામે ન આવે ત્યાં સુધી કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નથી.પોલીસ તપાસ બાદ જ પિતા-પુત્રીના મોત પાછળનું સાચું કારણ સ્પષ્ટ થશે.

ક્રે.ડે NEWS
તારીખ : 17/09/2026

**મોદીજીના નેતૃત્વમાં ભારતની વિકાસયાત્રાને નવી ગતિ**

# અવિરામ, અવિચલ સાધના શ્રી નરેન્દ્રભાઈ - તમારા તપની હૃદયપૂર્વક વંદના




૧૭ સપ્ટેમ્બર - આદરણીય, માનનીય, ગુજરાતના પનોતાપુત્ર અને સૌથી વિશેષ તો આપણા પોતાના એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન. શ્રી નરેન્દ્રભાઈ પાસેથી પ્રેરણા લેવાની કેટકેટલી બાબતો છે. ડગલે ને પગલે આપણને તેમની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, વંચિતો પ્રત્યેની સહૃદયતા, કાર્યકરો પ્રત્યેનો અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રદ્ધા, દેશના દુશ્મનો સામે મજબૂત રણટંકાર અને ભ્રષ્ટાચારીઓને અક્ષમ્ય શિક્ષા .આત્મનિર્ભર ભારતના સ્વપ્રદૃષ્ટા એવા અદ્ભુત, અભૂતપૂર્વ, અતુલનીય અસ્તિત્વ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈની આફતને પણ સેવાના અવસરમાં પલટાવવાની ક્ષમતા કે ગામડાના સહજ સરળ માણસથી લઈને જે - તે ક્ષેત્રના વિશ્વભરના નિષ્ણાત કે ધુરંધર વ્યક્તિને પણ કોઈ ને કોઈ બાબતે પ્રેરણા આપતું શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ એ આપણી ગુજરાતની ધરાએ ઘડ્યું છે તેનું ગૌરવ આપણને સૌને અકલ્પનીય, અનરાધાર અને અલૌકિક છે.શ્રી નરેન્દ્રભાઈ સ્વયંથી આગળ વધતાં-વધતાં ન માત્ર એક સંસ્થા કે સરકાર બન્યા છે પરંતુ એક'વિચાર'બની ગયા છે. આ વિચાર દ્વારા જ તેઓ રાષ્ટ્રને પરમવૈભવના શિખરે બિરાજમાન કરવા પોતાનું સમગ્ર જીવન – દિવસની પ્રત્યેક ક્ષણ આપવા કટિબદ્ધ બની ગયા છે.વિચાર તો કરો - ૨૫-૨૫ વર્ષના જાહેર જીવનમાં અનીતિ કે અપ્રામાણિકતાનો એક અંશ આ બેદાગ વ્યક્તિત્વને સ્પર્શી પણ સુધ્ધાં શક્યો નથી. શ્રી નરેન્દ્રભાઈના વ્યક્તિગત જીવનની પ્રામાણિકતાની મૂડીએ સમગ્ર વિશ્વને અકિંચન જીવનની દીવાદાંડી પૂરી પાડી છે.આવો, અગણ્ય ગુણોના અસરકારક અને છતાં એટલા જ નમ્ર, નિરાલા અને નિઃસ્વાર્થ નરેન્દ્રભાઈ પાસેથી કોઈ ને કોઈ બાબતની પ્રેરણા લઈ આપણા જીવનના કર્મમાં પરિવર્તિત કરી રાષ્ટ્રના અવિરામ-અવિચલ સાધક બની રાષ્ટ્રવંદના કરતા રહીએ- નિમેશ જોશી (9825400380)

કે.ડી. NEWS
તારીખ : 17/09/2026

# સાવરકુંડલામાં મંજૂર થયેલી GIDCના વિકાસને લઈ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની મહત્વપૂર્ણ બેઠક



## ઉદ્યોગકારોને જરૂરી સુવિધાઓ અને માળખાકીય વિકાસ અંગે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં મંજૂર થયેલી G I D C ના સુચારુ વિકાસ તેમજ સ્થાનિક ઉદ્યોગકારોને જરૂરી માળખાકીય અને પાયાની સુવિધાઓ મળી રહે તે માટે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં વિવિધ એસોસિએશન ના હોદ્દેદારો તથા GIDCના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન સાવરકુંડલા વિસ્તારમાં ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી વિવિધ સુવિધાઓ, માળખાકીય વ્યવસ્થા, રસ્તા સહિતના વિકાસકાર્યો, ઉદ્યોગકારોની સ્થાનિક જરૂરિયાતો તેમજ નવી ઔદ્યોગિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવા વિવિધ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે સ્થાનિક ઉદ્યોગકારોના પ્રશ્નો અને સૂચનોને સાંભળી, GIDCના વિકાસકાર્યો ઝડપથી અને સુચારુ રીતે આગળ વધે તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

સાથે જ સંબંધિત અધિકારીઓને ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ તેમજ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ધારાસભ્યશ્રીએ જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.સાવરકુંડલામાં ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળે, સ્થાનિક સ્તરે રોજગારીની તકોનું સર્જન થાય અને ઉદ્યોગકારોને સાનુકૂળ વાતાવરણ મળી રહે તે દિશામાં સંકલિત પ્રયાસો કરવા અંગે બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આજે જન્મદિવસ



## આશીર્વાદનો દીવો સહિત વિવિધ સેવાકીય અને લોકહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આજે, તા. 17 સપ્ટેમ્બર 2026ના રોજ જન્મદિવસ નિમિત્તે વિવિધ સ્થળોએ સેવાકીય, સામાજિક અને લોકહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે 'આશીર્વાદનો દીવો' સહિતના કાર્યક્રમો યોજાશે.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહેનત, સંકલ્પ અને સતત પરિશ્રમના બળે દેશના સર્વોચ્ચ લોકતાંત્રિક પદ સુધીની સફર ખેડી છે. તેમના જાહેર જીવનમાં વિકાસ, સેવા અને રાષ્ટ્રપ્રતિ સમર્પણને મહત્વ આપવામાં આવ્યું છે. તેમના જીવનપ્રવાસમાંથી યુવાનોને મહેનત કરીને આગળ વધવા, સંકલ્પ સાથે કાર્ય કરવા અને રાષ્ટ્રસેવાની ભાવના કેળવવાની પ્રેરણા મળે છે.વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અને યોગને નવી ઓળખ અપાવવામાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભૂમિકા નોંધપાત્ર રહી છે. તેમના પ્રયાસોથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસને વૈશ્વિક સ્તરે વિશાળ સ્વીકાર મળ્યો અને યોગ આજે વિશ્વના અનેક દેશોમાં લોકોના જીવનનો ભાગ બન્યો છે.જન્મદિવસ નિમિત્તે યોજાનારા વિવિધ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવશે તેમજ સમાજમાં સેવા, સંસ્કાર અને રાષ્ટ્રભાવનાનો સંદેશ આપવામાં આવશે.

**મોદીજીના નેતૃત્વમાં ભારતના અર્થતંત્રને મળી નવી દિશા, નવી ગતિ અને નવી ઓળખ**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

**મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...**

## હવેથી નવા સરનામે

**એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા**




## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**
**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# સાવરકુંડલામાં જાહેરમાં કચરો નાખનારા સામે નગરપાલિકાની કાર્યવાહી

## નોટિસ આપી, નિયમ નહીં પાળનારા પાસેથી દંડ વસૂલવાની ચેતવણી







સાવરકુંડલા શહેરમાં જાહેર જગ્યાઓ પર કચરો અને ખાતરના ઢગલા કરનારાઓ સામે નગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. શહેરના જે પણ વિસ્તારોમાં જાહેરમાં કચરો કે ખાતરના ઢગલા જોવા મળે છે, ત્યાં જવાબદાર લોકોને નગરપાલિકા નોટિસ આપી રહી છે.આ મામલે રજૂઆતો મળ્યા પછી નગરપાલિકા તંત્રએ નોટિસ દ્વારા જાહેરમાં કચરો કે ખાતરના ઢગલા ન કરવા સૂચના આપી છે. નોટિસમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જો આ પ્રવૃત્તિ બંધ નહીં થાય તો નિયમ પ્રમાણે દંડ વસૂલવામાં આવશે. જાહેર જગ્યાઓની સ્વચ્છતા જળવાઈ રહે અને શહેરમાં ચોખ્ખું વાતાવરણ બને તે માટે નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે. તેમને જાહેરમાં કચરો કે ખાતરના ઢગલા ન કરવા અને નગરપાલિકાના નિયમોનું પાલન કરવા જણાવાયું છે.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 17/09/2026







## ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સંચાલિત

# પ્રભુનો પ્રસાદ

આજના પ્રભુના પ્રસાદના દાતા રામ ભરોસે અને ઋષિ પાંચમ નિમિત્તે સેવા કરવામાં આવી હતી.ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન દ્વારા દરરોજ જાહેર સ્થળોએ વસતા ભિક્ષુકો તથા જરૂરિયાતમંદ પ્રભુના માણસોને પ્રેમ, સન્માન અને આત્મીયતા સાથે ભોજન કરાવવાની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે.આજના પ્રભુના પ્રસાદ (ભોજન) તથા મીઠાઈના દાતા રામ ભરોસે નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.આજની સેવાકીય પ્રવૃત્તિમાં શ્રી અરવિંદ મેવાડા તથા શ્રી ભુપતભાઈ ચુડાસમાએ સેવાભાવથી પોતાની અમૂલ્ય સેવા આપી હતી. તેમના સેવાભાવને પણ હૃદયપૂર્વક બિરદાવવામાં આવે છે.

તારીખ : 17/09/2026



## આજે તેમના જન્મદિવસે સમગ્ર દેશ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે અને એક દીપ જલાવી નરેન્દ્રભાઈ મોદીની સાથે દેશને આગળ ધપાવવાનો સંકલ્પ પણ કરે છે

# મા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી શતમ જીવ શરદ

## સંકલ્પથી સિધ્ધિ: સેવાનો ભાવ અને દુરંદેશી વિઝન: ૨૧મી સદીના ભારતના શિલ્પી

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ એ દેશના એક એવા પ્રધાનસેવકનો અવતરણ દિન છે જેણે સામાન્યથી સામાન્ય નાગરિકોની સેવા કરવાનો જ પોતાનો પરમ ધર્મ માન્યો છે તેની સાથે તેમની સંકલ્પ સિધ્ધિ અને વિશ્વસનીયતા એ ભારતને એક એવા રાષ્ટ્ર તરીકે નિર્માણ કર્યુ છે કે જેના પર આજે દરેક ભારતવાસીઓ ગૌરવ અનુભવી શકે છે આ પરિવર્તન કોઈ એક સરકારની ઉપલબ્ધિઓ તરીકે નહીં પરંતુ બદલાતી ભારતીય આકાંક્ષાઓ, ટેકનોલોજી પરિવર્તન અને વૈશ્વિક શકિત સંતુલનમાં ભારતની મજબુત ભૂમિકા બની છે

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



માલામાલ કુપન સાથે એક સ્ક્રેપ કુપન "ફ્રી"

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન ફ્રી

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮


તારીખ : 17/09/2026

# સાવર-સામાપાદરની ગૌચર જમીન પરના દબાણો દૂર કરવા માલધારી સમાજની માંગ





સાવરકુંડલા તાલુકાના સાવર તથા સામાપાદર ગામની સીમમાં આવેલી ગૌચર જમીન પર થયેલા દબાણો અને પેશકદમી દૂર કરવા સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.માલધારી સમાજ દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર પાઠવી જણાવાયું છે કે સાવર-સામાપાદર ગામની સીમમાં આવેલી ગૌચર જમીન પશુધન માટે ચરિયાણના ઉપયોગમાં આવતી હતી. પરંતુ જમીન પર થયેલા દબાણોના કારણે માલધારીઓને પોતાના પશુઓ માટે પૂરતો ચારો મેળવવામાં મુશ્કેલી પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.માલધારી સમાજના જણાવ્યા મુજબ, ગૌચર જમીનનો હેતુ પશુધન માટે ચરિયાણ તથા પશુપાલકોની આજીવિકાને સહારો આપવાનો છે, ત્યારે ગૌચર જમીન પર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પેશકદમી થતી હોય તો તેની સ્થળ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે ગૌચર જમીન અંગે યોગ્ય માપણી કરાવી જમીનની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવે તેમજ જો કોઈ દબાણ કે પેશકદમી હોવાનું જણાય તો નિયમ મુજબ તેને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે.માલધારી સમાજે પશુધનની સુરક્ષા અને માલધારી સમાજની આજીવિકા સાથે જોડાયેલા આ પ્રશ્નને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય



**સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ**

**આવેદનપત્ર**

**સ્થળ:** સાવરકુંડલા

**તારીખ:** __ / __ / ૨૦૨૬

**પ્રતિ,**
**આદરણીય શ્રી રાજ્યપાલ સાહેબ શ્રી,**
રાજ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**મારફત:**
**મામલતદાર સાહેબ શ્રી,**
તાલુકા સેવા સદન, સાવરકુંડલા.

**વિષય: સાવરકુંડલા તાલુકાના સાવર સામા પાદર ગામના ગૌચરની જમીન વન વિભાગને ફાળવવા સામે સખત વિરોધ નોંધાવવા અને ગેરકાયદેસર ઠરાવ રદ કરવા બાબત.**

**આવેદન આપનાર: સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ**

**આદરણીય સાહેબશ્રી,**

સવિનય જણાવવાનું કે સાવરકુંડલા તાલુકાના મોજે સાવર સામા પાદર ગામના ગૌચર સર્વે નંબર ૪૫૨/૧ પૈકી ૧ ની કુલ હેક્ટર ૪૦૭-૭૩-૫૦ ચો.મી. જમીનમાંથી ૧૫-૦૦-૦૦ ચો.મી. જમીન વન વિભાગ દ્વારા વનીકરણ નર્સરી બનાવવા માટે માંગવામાં આવી છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા કોઈપણ જાતની વ્યાપક ચર્ચા કર્યા વગર કે સ્થાનિક માલધારી સમાજ તથા કોર્પોરેટરોને વિશ્વાસમાં લીધા વિના બારોબાર આ જમીન આપવા માટે સંમતિ આપી દેવામાં આવી છે, જે અત્યંત અન્યાયી, મનસ્વી અને માલધારી સમાજ માટે નુકસાનકારક છે.

**અમારી મુખ્ય રજૂઆતો અને વિરોધના કારણો:**

- **માલધારીઓના રોજગાર અને પશુધન પર પ્રહાર:** સાવરકુંડલાના સેંકડો માલધારી પરિવારો પોતાના પશુઓ સાથે આ ગૌચરની જમીન પર જ નભે છે. ખાસ કરીને ઉનાળાની વિષમ ઋતુમાં જ્યારે ઘાસચારો મળવો મુશ્કેલ હોય છે, ત્યારે આ ગૌચર જ અમારા પશુઓ માટે મુખ્ય સહારો બને છે.
- **પશુઓ ક્યાં ચરવા જશે?:** એક બાજુ તંત્ર દ્વારા ગૌચર છૂટું કરાવવાની મોટી મોટી વાતો કરવામાં આવે છે, અને બીજી બાજુ જે ગૌચર વધ્યું છે તે પણ વન વિભાગને સોંપી દેવામાં આવી રહ્યું છે. જો આ જમીન નર્સરી માટે આપી દેવાશે તો અમારા પશુઓને ચરાવવા ક્યાં જવું? શું પશુઓને રોડ પર રખડતા મૂકી દેવા?
- **પાલિકા તંત્રનો મનસ્વી ઠરાવ:** સાવરકુંડલા પાલિકા તંત્ર દ્વારા માલધારીઓને કે નગરપાલિકાના સભ્યોને પૂછ્યા વગર જ 'કોઈ વાંધો નથી' તેમ કહી જમીન ફાળવવાનો ઠરાવ કરી દેવામાં આવ્યો છે. આ ગેરકાયદેસર ઠરાવ કોના કહેવાથી અને કોના લાભ માટે કરવામાં આવ્યો છે તેની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

**અમારી સ્પષ્ટ અને ધારદાર માંગણીઓ:**

1. ગૌચરની જમીન વન વિભાગને ફાળવવાનો સાવરકુંડલા નગરપાલિકાનો ગેરકાયદેસર ઠરાવ તાત્કાલિક અસરથી **રદ કરવામાં આવે.**
2. સાવરકુંડલા શહેર અને આસપાસના તમામ ગૌચર જમીન માલધારીઓ અને પશુઓ માટે અમાનત કરવામાં આવે.
3. પશુધનની સુરક્ષા અને માલધારી સમાજના જીવંત હિતોને ધ્યાનમાં રાખીને ગૌચરની જમીન અન્ય કોઈ પણ હેતુ માટે ન ફાળવવાની કડક સૂચના તંત્રને આપવામાં આવે.

કાર્યવાહી કરવા તંત્ર સમક્ષ માંગ કરી છે.સમાજે સ્પષ્ટ જણાવ્યું છે કે જો રજૂઆત અંગે યોગ્ય અને સંતોષકારક કાર્યવાહી નહીં થાય તો કાયદેસરના લોકશાહી માર્ગે આગળની રજૂઆત કરવામાં આવશે, જેના માટે તંત્ર જવાબદાર રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે....

6-B, વિદ્યુત નગર, સાવરકુંડલા
સરસ અને સુવિધાયુક્ત મકાન
વેચવાનું છે. નીચે 2 BHK ઉપર
1 Hall + 2 Room ફુલ
હવા-ઉજાસવાળું મકાન Parking
ની પૂરતી સુવિધા પરિવાર
સાથે રહેવા માટે ઉત્તમ સ્થળ

## વધુ માહિતી માટે સંપર્ક
## મો. 70488 83000

તારીખ : 17/09/2026

# સદભાવના ગ્રુપ દ્વારા ગણપતિ મહોત્સવમાં રોજ અલગ-અલગ થીમના ભવ્ય દર્શન



## ભક્તિ, આસ્થા અને સર્જનાત્મકતાના અનોખા સંગમ સમા ચોકલેટ થીમના અદભુત દર્શન

શ્રી ગણપતિદાદાની અસીમ કૃપા તથા પ.પૂ. શ્રી ઉષામૈયા (શિવદરબાર આશ્રમ કાન્તાલાલ)ના આશીર્વાદથી શ્રી સદભાવના ગ્રુપ દ્વારા આયોજિત વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોના ભાગરૂપે તા. 15 સપ્ટેમ્બર, સોમવારના રોજ ચોકલેટ થીમ દર્શનનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જે.વી. મોદી હાઈસ્કૂલના પાછળના ગ્રાઉન્ડ ખાતે સુંદર રીતે તૈયાર કરવામાં આવેલી ચોકલેટ થીમ શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભક્તિભાવ સાથે કલાત્મક રીતે તૈયાર કરાયેલા આ અનોખા દર્શન નિહાળવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.ચોકલેટથીમની વિશેષ સજાવટ, આકર્ષક રચના અને ધાર્મિક ભાવનાના સુમેળથી સમગ્ર સ્થળ પર ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. નાના-મોટા સૌએ આ અનોખા દર્શનનો લાભ લઈ શ્રદ્ધા, આનંદ અને ભક્તિની અનુભૂતિ કરી હતી.શ્રી સદભાવના ગ્રુપ દ્વારા યોજાતા આવા વિવિધ થીમ આધારિત ધાર્મિક આયોજનો ભક્તિ સાથે સર્જનાત્મકતાને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે, જેને શ્રદ્ધાળુઓ દ્વારા ઉત્સાહભેર આવકારવામાં આવી રહ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# દુકાન-૨ વેચવાની છે...

## વજલપરા રોડ, શેઠ કોમ્પ્લેક્ષ સામે, સાવરકુંડલા.

**: સંપર્ક :**

**મો. ૯૪૨૮૬ ૧૮૩૦૩**

**મો. ૮૭૫૮૭ ૫૫૩૦૩**

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# ‘હરિત ઘર – સ્વસ્થ સમાજ’ અભિયાનનો ભવ્ય પ્રારંભ




PM નરેન્દ્રભાઈ મોદીના 76મા જન્મદિનની પૂર્વસંધ્યાએ 76,000 કિચન ગાર્ડન રોપાંના વિતરણનો શુભારંભઅમદાવાદ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 76મા જન્મદિનની પૂર્વસંધ્યાએ વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આયોજિત ‘હરિત ઘર – સ્વસ્થ સમાજ’ અભિયાનનો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત 76,000 કિચન ગાર્ડનના રોપાંના વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને *‘મિશન લાઈફ’*ના વિઝનને જનભાગીદારી સાથે આગળ વધારતું આ અભિયાન હરિત અને સ્વસ્થ સમાજના નિર્માણ તરફ મહત્વપૂર્ણ પહેલ બની રહ્યું છે. પોતાના ઘરમાં જ શાકભાજી ઉગાડવા માટે નાગરિકોને પ્રોત્સાહિત કરવાની સાથે વાવેતર અને રોપાંની જાળવણી અંગે માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

વિકાસની અવિરત ગતિ સાથે પર્યાવરણનું જતન અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી નિભાવવી એ સ્વસ્થ સમાજ તથા મજબૂત રાષ્ટ્રના નિર્માણનો મહત્વપૂર્ણ આધાર છે.‘હરિત ઘર – સ્વસ્થ સમાજ’ અભિયાન આ વિચારને ઘર-ઘર સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે રાજ્યભરમાં વિવિધ સેવાકીય અને લોકભાગીદારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તારીખ : 17/09/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ચામુંડા સ્ટીમ ઢોકળા

**ગણપતિ ઉત્સવ, રાસ ગરબામાં તથા સ્કુલમાં ઓર્ડર ઉપર ગરમા ગરમ લાઇવ ઢોકળા વ્યાજબી ભાવે બનાવી આપીશું...**

દેવળાગેઇટ, ગુરૂદેવ ફરસાણ સામે, સાવરકુંડલા.

મો. 90332 06488 / 98259 47067

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# પીએમશ્રી બ્રાન્ચ શાળા નં-૯ પ્રા.શાળા-સાવરકુંડલા ના બાળકોએ જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર ૨૦૨૬ માં ભાગ લીધો...




આજ રોજ જિલ્લા સમિતિ સાયન્સ સેન્ટર ચિલ્ડ્રન મ્યુઝિયમ અને બાલભવન-અમરેલી દ્વારા આયોજીત જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર-૨૦૨૬ ના વિષય-ભારતીય ઉર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવના અને પડકારોમાં પીએમશ્રી બ્રાન્ચ શાળા નં-૯ પ્રા.શાળાના ધોરણ-૮ ના મહેતા જય સંજયભાઈ અને ચૌહાણ મોહમ્મદનવાઝ મેહબૂબભાઈએ ગણિત વિજ્ઞાન શિક્ષક રજનીકુમાર એમ બગડાના માર્ગદર્શન હેઠળ આ સેમિનારમાં ભાગ લઈ સુંદર દેખાવ કર્યો....

તારીખ : 17/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# જમીન ખરીદતા પહેલા ચેતજો! લાખો રૂપિયા ડૂબી ન જાય તે માટે જમીનના 'ટાઈટલ' વિશે આટલું જરૂર જાણો

જમીનનો સોદો કરતી વખતે આપણે વારંવાર એક શબ્દ સાંભળીએ છીએ, અને તે છે જમીનનું ટાઈટલ. કાયદાકીય ભાષામાં ટાઈટલ એટલે જમીન પરનો સાચો માલિકી હક. જે વ્યક્તિ તમને જમીન વેચી રહી છે, તે જ તેનો અસલી માલિક છે અને તેને જમીન વેચવાનો પૂરો અધિકાર છે, તે સાબિત કરતી બાબતને ટાઈટલ કહેવાય છે.

૧. ક્લિયર ટાઈટલ કોને કહેવાય?આનો સીધો અર્થ એ થાય છે કે જમીન સંપૂર્ણપણે વિવાદ વગરની છે. તેના પર બેંકની કોઈ લોન નથી, કોઈ કાનૂની કેસ નથી ચાલતો, વારસદારો વચ્ચે કોઈ ઝગડો નથી કે કોઈ સરકારી અડચણ નથી. આવી ચોખ્ખી જમીન ખરીદવી હંમેશા સુરક્ષિત ગણાય છે.

૨. ખામીયુક્ત ટાઈટલ એટલે શું?જો જમીન પર કોઈ બેંકનો બોજો કે ગીરો હોય, કુટુંબના કોઈ વારસદારનો હક બાકી રહી ગયો હોય, જમીન પર કોઈ કોર્ટ કેસ ચાલતો હોય કે સરકારી શરતોનો ભંગ થયો હોય, તો તેને ખામીયુક્ત ટાઈટલ ગણવામાં આવે છે. આવી જમીન ખરીદવાથી ભવિષ્યમાં મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે અને લાખો રૂપિયા ફસાઈ શકે છે.

3. જમીનનું ટાઈટલ ચેક કરવા કયા કાગળો તપાસવા પડે?જમીનનું ટાઈટલ સાચું અને ચોખ્ખું છે કે નહીં તે જાણવા નીચેના દસ્તાવેજો ખાસ જોવા પડે છે:૧. ૭/૧૨ અને ૮-અ ના ઉતારા: આના પરથી ખબર પડે છે કે જમીન કોના નામે બોલે છે, ક્ષેત્રફળ કેટલું છે અને તેના પર કોઈ લોન છે કે નહીં.૨. હક્ક પત્રક અથવા ફોર્મ નંબર ૬: આ જમીનનો આખો ઈતિહાસ બતાવે છે. ભૂતકાળમાં જમીન કોની પાસે હતી, વારસાઈ કોના નામે થઈ કે વેચાણથી કોણે લીધી તેની તમામ નોંધો આમાં હોય છે.૩. જુના વેચાણ દસ્તાવેજો અને ઈન્ડેક્સ-૨જમીનની લે-વેચ સરકારી સબ-રજિસ્ટ્રાર કચેરીમાં બરાબર નોંધાયેલી છે કે નહીં તે આ કાગળ પરથી સાબિત થાય છે.

૪. બોજા પ્રમાણપત્ર: આ કાગળ સાબિત કરે છે કે છેલ્લા ૧૩ થી ૩૦ વર્ષમાં આ જમીન પર કોઈ બેંક લોન કે કાનૂની બોજો નથી.

૫. બિન-ખેતી હુકમ: જો જમીન બિન-ખેતીની હોય, તો તેની કાયદેસર મંજૂરી યોગ્ય સરકારી કચેરીમાંથી મળેલી છે કે નહીં તેની તપાસ આના આધારે થાય છે.

૪. ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ શું છે?જમીન ખરીદતા પહેલાં વકીલ દ્વારા ૩૦ વર્ષના જૂના રેકોર્ડની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે છે. ત્યારબાદ વકીલ વર્તમાનપત્રમાં એક જાહેર નોટિસ આપે છે, જેથી જો કોઈનો આ જમીનમાં હક કે વાંધો હોય તો તે સામે આવી શકે. જો નક્કી કરેલા દિવસોમાં કોઈ વાંધો ન આવે, તો વકીલ ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ આપે છે.ટૂંકમાં, આ સર્ટિફિકેટ મળ્યા પછી જ જમીન ખરીદવી એકદમ સુરક્ષિત રહે છે અને તેના આધારે જ બેંક પણ સરળતાથી મિલકત પર લોન આપે છે. જીવનભરની કમાણી રોકતા પહેલા આ કાયદાકીય પ્રક્રિયા ચોક્કસ કરાવવી જોઈએ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

# બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

**પ્રકાશ** ® પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...




તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

## ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

* તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
* તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
* Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
* તમારા બિઝનેસ માટે Video Gallery
* Customer Reviews દર્શાવવાની સુવિધા
* WhatsApp Direct Contact ની સુવિધા
* Google Map Location ઉમેરવાની સુવિધા
* તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
* તમારી Digital Profile માટે QR Code
* Digital Visiting Card બનાવવાની સુવિધા
* Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

**પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ**

**ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ**

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# કાણકિયા કોલેજ ખાતે રોજગાર કચેરી દ્વારા "ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ગાઈડન્સ સેમિનાર" યોજાયો





શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ એન્ડ શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. 16 સપ્ટેમ્બર, 2026ને બુધવારના રોજ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદેશમાં રોજગાર અને કારકિર્દી બનાવવા અંગે માર્ગદર્શન આપતો એક રસપ્રદ સેમિનાર યોજવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી તથા રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ઓવરસીઝ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ આ સેમિનારમાં વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવા માટે શ્રી હમીરભાઈ ચૌહાણ, રોજગાર કચેરી રાજકોટથી ખાસ પધારેલ અને વિદેશોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, નોકરીની તકો, પાસપોર્ટ, વિઝા, એજ્યુકેશન લોન અને તેને લગતી તમામ બાબતોની ચર્ચા કરી.

ખાસ કરીને વિદેશમાં રોજગાર અપાવવા માટે ઘણી લેભાગુ સંસ્થાઓના ફ્રોડથી કેમ બચવું તેની જાણકારી પણ આપી. વધુમાં શ્રી હમીરભાઈ ચૌહાણે જણાવ્યું કે વિદ્યાર્થી ભાઈઓ સંરક્ષણ દળોમાં જોડાવા માટે નિવાસી તાલીમમાં જોડાઈ શકે છે કે જેમાં સરકાર દ્વારા શારીરિક, લેખિત કસોટીની તાલીમ તથા રહેવા-જમવાની સગવડો ઉપરાંત નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.એસ.સી.રવિયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંકલન અને સંચાલન કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ.એચ.આર.દેસરાણી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રો.હૈદરખાન પઠાણ, પ્રો. સ્વાતિબેન ટાંક, પ્રો. કુલદીપ કાનાણી વગેરે અધ્યાપકશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


પ્રકાશ પ્રિન્ટર્સ
તમારા બિઝનેસ
લોગો અને ડિટેલ સાથે
પોસ્ટર મેળવો
માત્ર
રૂ. 249
1વર્ષ
7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)
વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે
ફેસ્ટીવલ ઈમેજ
ગુડ મોર્નિંગ પોસ્ટ
ગુડ નાઈટ પોસ્ટ
બર્થ ડે પોસ્ટ
પોલીટીકલ પોસ્ટ
સુવિચાર પોસ્ટ
મોટીવેશનલ પોસ્ટ
સ્પેશ્યલ કેટેગરી
સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ
તો આજેજ ડાઉલોડ કરો
આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં પ્લેસ્ટોરામાં જઈને
GET IT ON
Google Play
PRAKASH
PRINTERS
વધારે માહિતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS
તારીખ : 17/09/2026

# "પી.એમ. કિસાન યોજના"ના લાભાર્થીઓએ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા વાર્ષિક 'e-KYC' ફરજિયાત પૂર્ણ કરવું

અમરેલી તા. ૧૭ સપ્ટેમ્બર,૨૦૨૬ - ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના હેઠળ સહાય મેળવવા માટે તમામ નોંધાયેલા લાભાર્થી ખેડૂતો માટે બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર, દરેક લાભાર્થીએ દર નાણાકીય વર્ષના પ્રથમ હપ્તા (એપ્રિલ-જુલાઈ) ના વિતરણ પહેલાં પોતાનું વાર્ષિક e-KYC પૂર્ણ કરાવવું અનિવાર્ય છે. જે લાભાર્થીઓ સમયસર આ પ્રક્રિયા પૂર્ણ કરશે, માત્ર તેઓને જ પી.એમ. કિસાન યોજનાનો આગામી હપ્તો મળવાપાત્ર રહેશે. આથી અમરેલી જિલ્લાના તમામ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું આ વાર્ષિક e-KYC ફરજિયાતપણે પૂર્ણ કરી લેવું.આ e-KYC ની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા ત્રણ સરળ પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્રથમ પદ્ધતિ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ વિલેજ નોડલ ઓફિસર દ્વારા PM-KISAN મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ફેસ ઓથેન્ટિકેશન મારફતે e-KYC પૂર્ણ કરી શકાય છે. બીજી પદ્ધતિમાં ખેડૂતો નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે રૂબરૂ જઈને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા પોતાનું ઈ-કેવાયસી કરાવી શકે છે. ત્રીજી પદ્ધતિ અનુસાર, લાભાર્થી ખેડૂત સ્વયં પોતાના મોબાઈલમાં PM-KISAN એપ ડાઉનલોડ કરી, તેમાં બેનિફિશિયરી વિકલ્પ પસંદ કરીને પોતાના આધાર નંબર અથવા રજીસ્ટ્રેશન નંબર દ્વારા ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનું તેમજ અન્ય ૧૦૦ લાભાર્થીઓનું e-KYC ખૂબ જ સરળતાથી પૂર્ણ કરી શકે છે.જિલ્લાના તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનું e-KYC સમયમર્યાદામાં પૂર્ણ થાય અને કોઈ પણ ખેડૂત આગામી હપ્તાના આર્થિક લાભથી વંચિત ન રહી જાય તે માટે ગામડાઓમાં વ્યાપક જનજાગૃતિ, પ્રચાર-પ્રસાર અને વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવશે. આ કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે ગામદીઠ ઓછામાં ઓછા ૦૫ સ્થાનિક યુવાનોને PM-KISAN મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઈ-કેવાયસી કરવાની તકનિકી તાલીમ આપીને કેમ્પેઈન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.અમરેલી જિલ્લાના તમામ ખેડૂત લાભાર્થીઓએ સમયસર પોતાનું વાર્ષિક e-KYC પૂર્ણ કરાવી લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ બાબતે વધુ માહિતી કે, માર્ગદર્શનની જરૂરિયાત હોય તો ખેડૂતો પોતાના ગામના તલાટી કમ મંત્રીશ્રી, સિટી તલાટીશ્રી અથવા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી (T D O) અને મામલતદારશ્રીઓનો સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેડોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

# રાધા રમણ સ્વામીના અક્ષરધામ નિમિત્તે ગાયત્રી પરિવાર ખાંભા દ્વારા શાંતિ પાઠનું આયોજન



સ્વામિનારાયણ ગુરુકુળ ખાંભા તેમજ ખાંભા શહેરમાં સત્સંગનો દીપ પ્રગટાવનાર પૂજ્ય રાધા રમણ સ્વામીના અક્ષરધામ ગમન નિમિત્તે ગાયત્રી પરિવાર ખાંભા દ્વારા શાંતિ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.પૂજ્ય રાધા રમણ સ્વામીએ ખાંભા પંથકમાં સત્સંગ, સંસ્કાર અને આધ્યાત્મિક ચેતનાનો પ્રકાશ પાથરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના અક્ષરધામ ગમનથી સત્સંગી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.તેમની પવિત્ર સ્મૃતિને ભાવાંજલિ અર્પણ કરવા તથા દિવંગત આત્માની શાંતિ માટે ગુરુવાર, તા. 17 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રે 9:00થી 10:00 કલાક દરમિયાન સ્વામિનારાયણ ગુરુકુળ, ખાંભા ખાતે શાંતિ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે તમામ પરિજનો, સત્સંગીઓ તથા ધર્મપ્રેમી ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શાંતિ પાઠમાં સહભાગી થવા ગાયત્રી પરિવાર ખાંભા દ્વારા ભાવભીની વિનંતી કરવામાં આવી છે.

કે.ડી. NEWS
તારીખ : 17/09/2026

# ઠવીના મંગલમ વિદ્યા મંદિરમાં ગણેશ ચતુર્થીની ભવ્ય ઉજવણી

## વિદ્યાર્થીઓ દ્વારા સવા મણનો વિશાળ લાડુ ગણપતિ બાપાને પ્રસાદરૂપે અર્પણ



સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે મુરલીધર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મંગલમ વિદ્યા મંદિરમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થી નિમિત્તે શાળા પરિસરમાં ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની પધરામણી કરવામાં આવી હતી.ગણપતિ બાપાની પધરામણી પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.'ગણપતિ બાપા મોરિયા'ના જયઘોષથી સમગ્ર શાળા પરિસર ભક્તિમય બની ગયું હતું. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ શાળાના સંચાલક ભાવેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ શાળા પરિસરમાં સુંદર અને આકર્ષક સજાવટ તથા ડેકોરેશન કરવામાં આવ્યું હતું. ગણપતિ બાપાની મૂર્તિની આસપાસ કરવામાં આવેલા વિવિધ શણગારથી સમગ્ર શાળા પરિસર ઉત્સવમય બની ગયું હતું.આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને ભક્તિભાવ રજૂ કર્યો હતો. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ સવા મણનો વિશાળ લાડુ રહ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ વિશાળ લાડુ ભગવાન શ્રી ગણેશજીને પ્રસાદરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો.ઠવી મંગલમ વિદ્યા મંદિરમાં ગણપતિ બાપાની આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાન શ્રી ગણેશજીને પ્રાર્થના કરી શાળાના તમામ વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રગતિ, ઉજ્જવળ ભવિષ્ય તેમજ સુખ-સમૃદ્ધિ માટે મંગલકામના કરવામાં આવી હતી.

તારીખ : 17/09/2026

# રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા મહિલા રોકડ પુરસ્કારના ફોર્મ દિન-પમાં જમા કરવા સૂચના

અમરેલી તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ - સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા મહિલા રોકડ પુરસ્કાર માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦-૦૮-૨૦૨૬ સુધીની સમયમર્યાદા આપવામાં આવેલ હતી. આ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા હવે પૂર્ણ થઈ ગયેલ છે. જેથી ઓનલાઈન કરેલ અરજી ફોર્મ શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે દિન-૫ (પાંચ દિવસ)માં અત્રેની કચેરી "જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સરદાર પટેલ રમત સંકુલ, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી" ખાતે રૂબરૂમાં જમા કરાવી દેવા "જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની યાદીમાં તમામ સંબંધિતોને જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## સંજય ગોહિલ

HAPPY BIRTHDAY


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
94262 14180 - 98256 58758
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
AR
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

“ નિંદાના ક્ષેત્રે બે વાત ખાસ સમજી રાખવાની જરૂર છે. આ જગતમાં કોઈ ગમે તેટલું ખરાબ હોય, મારે એની નિંદા કરવાની નથી અને મારી નિંદા કરવાનું કોઈને ય મન થાય એવું કશું જ ખરાબ મારે કરવાનું નથી. ”




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

**3518**
**17/09/2026**
**Thursday**

## आत्मा

स्थुल शरीर से जो "ज्ञान"
बांटा न जा सका है
वही अनुभुती का ज्ञान
मंगलमुर्तीयो स्थापीत
संकल्प के साथ किया
गया है.

बाबा स्वामी
17/9/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




પત્ની: તમે ક્યારેય મારી વાત સાંભળો છો?
પતિ: હા, રોજ સાંભળું છું!પત્ની: તો મેં ગઈકાલે શું કહ્યું હતું?
પતિ: આ પ્રશ્નનો જવાબ આપવો મારા કાયદાની બહાર છે! ............

મિત્ર: ભાઈ, તારો મોબાઈલ આખો દિવસ હાથમાં જ હોય છે!બીજો: શું કરું યાર...મિત્ર: શું?બીજો: ઘરમાં વાત કરું તો ઝઘડો થાય, મોબાઈલમાં વાત કરું તો રિચાર્જ પૂરું થાય! ............

પપ્પા: દીકરા, પરીક્ષામાં કેટલા માર્ક્સ આવ્યા?
દીકરો: પપ્પા, તમે ખુશ થશો!
પપ્પા: કેમ?
દીકરો: આ વખતે માર્ક્સ એટલા ઓછા છે કે આગળ વધવાની પૂરી શક્યતા છે!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 17 સપ્ટેમ્બર

# મહત્વની ઘટનાઓ

૧૭૮૭ – ફિલાડેલ્ફિયામાં યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

૧૯૪૮ – હૈદરાબાદના નિઝામનું આત્મસમર્પણ. હૈદરાબાદ રજવાડાનો ભારતીય સંઘમાં વિલય.

૧૯૭૪ – બાંગ્લાદેશ, ગ્રેનાડા અને ગિની-બિસાઉ સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયા.

૧૯૯૧ – ઈસ્ટોનિયા, ઉત્તર કોરિયા, દક્ષિણ કોરિયા, લાટવિયા, લિથુઆનિયા, માર્શલ ટાપુઓ અને માઈક્રોનેશિયા સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયા.

૧૯૯૧ – લિનક્સ કર્નલ (0.0૧)નું પ્રથમ સંસ્કરણ ઈન્ટરનેટ પર રજૂ કરવામાં આવ્યું.

૨૦૦૧ – ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ ૧૧ સપ્ટેમ્બરના હુમલા પછી વેપાર માટે ફરી ખુલ્યું, મહામંદી પછી ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ સૌથી લાંબો સમય બંધ રહ્યું.

૨૦૦૬ – અલાસ્કામાં ફોરપીક્ડ માઉન્ટેન પર જ્વાળામુખી ફાટી નીકળ્યો. આ શિખર પર ઓછામાં ઓછા ૧0,000 વર્ષમાં જ્વાળામુખી માટેનો પ્રથમ વિસ્ફોટ નોંધાયો.

**જન્મ**

૧૮૭૯ – પેરિયાર ઈ. વી. રામાસામી, ભારતીય ઉદ્યોગપતિ, સામાજિક કાર્યકર્તા અને રાજકારણી (અ. ૧૯૭૩)

૧૯૧૫ – એમ એફ હુસૈન, ભારતીય ચિત્રકાર અને દિગ્દર્શક (અ. ૨૦૧૧)

૧૯૨૯ – અનંત પઈ, (Anant Pai) ભારતીય શિક્ષણવિદ્ અને ભારતીય કોમિક્સના માર્ગ-નિર્માતા (પાયોનિયર) (અ. ૨૦૧૧)

૧૯૩૦ – લાલગુડી જયરામન, ભારતીય વાયોલિનવાદક અને સંગીતકાર (અ. ૨૦૧૩)

૧૯૩૭ – સીતાકાંત મહાપાત્ર, (Sitakant Mahapatra) ભારતીય કવિ અને સાહિત્ય વિવેચક

૧૯૪૫ – જોગિન્દર જસવંત સિંઘ, ભારતના ૨૨મા મુખ્ય સેનાઅધ્યક્ષ

૧૯૫૦ – નરેન્દ્ર મોદી, ભારતના ૧૫મા વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી

તારીખ : 17/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 82K | 55K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**